# સર્જનાત્મકતાનો આદર્શ

પ્રાચીન સંસ્કૃત ગ્રંથમાં એક શ્લોક છે, જેમાં ચિત્રનાં મૂળભૂત તત્ત્વોનું વર્ણન કરવામાં આવ્યું છે. ક્રમમાં પહેલું છેઃ 'વિરૂપ-ભેદ.' - સ્વરૂપોની ભિન્નતા. સ્વરૂપો ઘણાં છે, સ્વરૂપો જુદાં જુદાં છે, દરેકને પોતાની મર્યાદાઓ છે, પણ જો સદંતર આમ હોત, જો બધાં સ્વરૂપો ચુસ્તપણે અલગ રહેત, તો તો બહુલતાની ભયાવહ એકલતા પરિણમી જાય, પરંતુ તેમની એકલતામાં જ વિવિધ સ્વરૂપોએ કંઈક એવું ધારણ કરી રાખવું જોઈએ, જે તેમની અંતિમ એકતાના વિરોધાભાસને નિર્દેશતું હોય. નહીં તો તો કશું સર્જન થાય નહીં.

તે જ શ્લોકમાં અલગતાની ગણના પછી 'પ્રમાણાનિ' આવે છે - પ્રમાણો. પ્રમાણો સંબંધને નિર્દેશે છે, પરસ્પર આયોજનના સિદ્ધાંતને રજૂ કરે છે. શરીરમાંથી છૂટા પડેલા એક અવયવ પગને પોતાનું ઠઠ્ઠાચિત્ર બનાવવાનો પૂરેપૂરો પરવાનો છે, પણ શરીરના એક અવયવ તરીકે, શરીરને નિયંત્રિત કરતા જીવંત ઐક્ય તરફ તેની જવાબદારી છે; તેણે યોગ્ય રીતે વ્યવહાર કરવો જોઈએ; તેણે તેનું પ્રમાણ જાળવવું જોઈએ. જો કોઈ શારીરિક વૃદ્ધિનો જબરદસ્ત અવસર આવે તો તે પગ તેના સાથી-પગથી લંબાઈમાં ઘણો વધી જાય; તેવે વખતે પ્રેક્ષક સમક્ષ કેવું ચિત્ર ખડું થાય અને શરીરને પોતાને કેવી શરમજનક સ્થિતિમાં આવવું પડે, તે આપણે સમજી શકીએ. પ્રમાણના નિયમને એકદમ જ વટાવી જવાનો કોઈ પણ પ્રયાસ અને પૂરેપૂરી અલગતાનો દાવો કરવાનો પ્રયાસ - તે તો એક ક્રાન્તિ થઈ જાય; એનો એ અર્થ થાય કે કાં તો બાકીનાઓની ટીકાનો મારો ચાલે અથવા અલગ જ થઈ રહેવાનું.

સૌંદર્યશાસ્ત્રના પુસ્તકમાં સંસ્કૃત શબ્દ 'પ્રમાણાનિ'નો અર્થ પ્રમાણો થાય છે, તે જ શબ્દનો અર્થ તર્કશાસ્ત્રના પુસ્તકમાં કોઈ કથનના કે સિદ્ધાંતના સત્યને નિશ્ચિત

કરવામાં આવતી સાબિતી. સત્યની બધી સાબિતીઓ સંબંધનાં પ્રમાણપત્રો છે. વૈયક્તિક તથ્યોએ આવી સાબિતીઓ એવું બતાવવા રજૂ કરવી પડે કે તે નિર્વાસિત કરાયેલાં નથી અથવા તેઓ સમગ્રના ઐક્યમાં તિરાડરૂપ નથી. બૌદ્ધિક કથનમાં રજૂ થતો તાર્કિક સંબંધ અને કલાકૃતિનાં પ્રમાણોમાં દર્શાવાયેલો સૌંદર્યશાસ્ત્રીય સંબંધ - બંને એક બાબતમાં સંમત થાય છે. તેઓ દૃઢતાથી એવું પ્રકટ કરે છે કે સત્ય, તથ્યોમાં નહીં, પણ તથ્યોની સંવાદિતામાં રહેલું છે. વાસ્તવનો આ મૂળભૂત સૂર કવિના આ વિધાનમાં નિહિત છેઃ "Beauty is truth, truth beauty."

સંબંધોની સાપેક્ષતાને પુરવાર કરતાં પ્રમાણો સર્જનાત્મક આદર્શોની બાહ્ય ભાષા-રચનાને આકૃત કરે છે. માણસોનું ટોળું બદલાતું રહે છે, પરંતુ સૈનિકોની કૂચમાં દરેક વ્યક્તિ સમય અને સ્થળનું તેનું પ્રમાણ અને આનુષંગિક ગતિવિધિને જાળવતી હોય છે. આથી તે વ્યક્તિ સમગ્ર વિશાળ લશ્કર સાથે એક બની જાય છે, પણ આટલું જ નથી. લશ્કરની રચનાને પોતાના આંતરિક સિદ્ધાંત અર્થે તેના જનરલનો એક જ દૃષ્ટિકોણ હોય છે. નિયંત્રિત કરતાં તે દૃષ્ટિકોણની પ્રકૃતિ પ્રમાણે કોઈ પણ નિર્માણ કાં તો કલાકૃતિ હોય છે. કાં તો માત્ર રચનાનું માળખું બને છે. સહિયારા ભંડોળની કંપનીની બધી સાધન-સામગ્રી અને નિયમોના કોઈ આંતરિક હેતુની એકતા હોય છે, પરંતુ આ એકતાની અભિવ્યક્તિથી બધું પૂરું થતું નથી; તે હંમેશાં કોઈ છેવટના ધ્યેયને દર્શાવે છે. બીજે પક્ષે, કલાકૃતિનું પ્રકટીકરણ કે આવિષ્કરણ તેના પોતામાં જ પર્યાપ્ત હોય છે.

વ્યક્તિત્વ (વિશેષ 'સ્વ')ની ચેતના, જે આપણામાં રહેલી એકતાની ચેતના છે તે, જ્યારે સુખ કે દુઃખ, અથવા કોઈ બીજી લાગણી કે સંવેદનથી છવાઈ જાય છે ત્યારે પ્રધાનપણે વિશિષ્ટ બને છે. આ આકાશના જેવી વાત છે, જે ભૂરું છે માટે દૃશ્યમાન છે, અને તે જ આકાશ રંગોનાં પરિવર્તન થતાંની સાથે કંઈક બીજી જ આભા ધારણ કરે છે. કલાના સર્જનમાં તેથી ભાવનાત્મક આદર્શની ક્ષમતા આવશ્યક છે, કારણ કે તેની એકતા સ્ફટિકના પથ્થર જેવી નિષ્ક્રિય અને જડ નથી, પણ સક્રિયતાથી અભિવ્યક્ત થતી હોય છે. ઉદાહરણ તરીકે, નીચેની પંક્તિઓ જોઈએઃ

*Oh, fly not Pleasure, pleasant-hearted Pleasure,*

*Fold me thy wings, I prithee, yet and stay,*
*For my heart no measure*
*Knows, nor other treasure*
*To buy a garland for my love to-day,*
*And thou too, Sorrow, tender-hearted Sorrow,*
*Thou gray-eyed mourner, fly not yet away.*
*For I fain would borrow*
*Thy sad weeds tomorrow,*
*To make a mourning for love's yesterday.*

માત્ર છંદને પ્રકટ કરતા આ ઉદ્ધરણના શબ્દોની આપણા પર એવી અસર ના પડે. તેની બધી પૂર્ણતા અને તેનાં પ્રમાણો સાથે, તેના લય અને તાલ સાથે, તે કેવળ એક રચના બને, પરંતુ જ્યારે એ બધુંય કોઈ અંતસ્થ ભાવ કે વિચારનું બાહ્ય કલેવર હોય છે ત્યારે તે એક વૈયક્તિકતાને ધારણ કરે છે. ભાવ લય દ્વારા પ્રવાહિત થાય છે, શબ્દોમાં વ્યાપી જાય છે, અને તેના આરોહ-અવરોહમાં ધબકવા લાગે છે. બીજી તરફ, ઉપર ઉદ્ધૃત કરેલા કાવ્યનો લયહીન ગદ્યમાં નિરૂપાયેલો ભાવ માત્ર તથ્યને જ આલેખી શકે છે. તે તથ્ય નિષ્ક્રિય ગતિહીન ભાસે છે, કોઈ પુનરાવૃત્તિ કે ઉતાર-ચડાવને વહી ના શકે, પરંતુ ભાવાત્મક વિચાર લયાત્મક સ્વરૂપમાં આકૃત થયેલો હોય ત્યારે તે વિશ્વના અનંત ભભકભર્યા દૃશ્યમાં ગૂંથાયેલી ચીજોને ઉચિત એવો ગતિશીલ ગુણધર્મ પ્રાપ્ત કરે છે.

નીચેનું જોડકણું લઈએ:

*Thirty days hath September*
*April, June and November.*

અહીં છંદ છે અને જીવનની ગતિનો દેખાવ પણ છે, પરંતુ તે આપણા હૃદય-ધબકારના છંદમાં સમકાલીન પ્રતિભાવ પામતો નથી. પોતા માટે અવિભાજ્ય એકતા સર્જનાર કોઈ જીવંત તત્ત્વ તેના કેન્દ્રમાં નથી. તે તો એક થેલા જેવું છે જે સગવડભર્યું છે, પણ શરીર જેવું નથી જે અનિવાર્ય છે.

આપણી કલાકૃતિઓમાં ગર્ભિત રહેલું આ સત્ય આપણને સર્જનના રહસ્ય માટે ઉપયોગી પુરાવો પૂરો પાડે છે. આપણે જોઈએ છીએ કે વિશ્વની અંતહીન લયશ્રેણીઓ કેવળ રચનાઓ નથી; તે બધી આપણા હૃદયતંતુઓને ઝંકૃત કરે છે અને સંગીતના સૂર વહેવડાવે છે.

એટલે, આપણે અનુભવીએ છીએ કે આ વિશ્વ એક સર્જન છે; તેના કેન્દ્રમાં એક જીવંત તત્ત્વ છે; આ તત્ત્વ પૂર્ણપણે સમયબદ્ધ અને તાલબદ્ધ એવાં અગણિત વાદ્યો પર બજતી શાશ્વત વાદ્યવૃંદની સંગીતરચનાને ઝંકૃત કરે છે. આપણે સમજીએ છીએ કે આકાશથી આકાશ તરફ વહે જતું આ વિરાટ વિશ્વસંગીત માત્ર હકીકતોની સંખ્યા માટે સર્જાયું નથી - તે 'Thirty days hath September' નથી - તેનો તો આપણા આહ્‌લાદમાં સીધેસીધો જ આવિર્ભાવ છે. તે આહ્‌લાદ આપણને અસ્તિત્વના સત્ય તરફની માર્ગદર્શક કડી સંપડાવે છે; તે તો આવિર્ભાવના સાતત્ય દ્વારા વ્યક્તિત્વો પર કાર્યરત થતું વ્યક્તિત્વ છે. સૉલિસિટર તેના અસીલને ગીત ગાઈ સંભળાવતા નથી, પણ વરરાજા તેની નવવધૂને ગાન સંભળાવે છે અને જ્યારે આપણું ચિત્ત ગીતથી સ્પંદિત થઈ ઊઠે છે ત્યારે આપણને ખબર પડે છે કે તે આપણી પાસેથી કોઈ ફીનો દાવો કરતું નથી; તે તો પ્રેમની સ્તુતિ અને વરરાજાના હૃદયના સાદને લઈ આવે છે.

એમ કહી શકાય કે ચિત્ર અને અન્ય કલાઓમાં કેટલીક ડિઝાઇન, ભાત હોય છે; તે માત્ર સુશોભનાત્મક હોય છે અને દેખીતી રીતે તેમાં અભિવ્યક્ત કરવાને કોઈ જીવંત અને અંતસ્થ તત્ત્વ કે વિચાર હોતો નથી, પણ આ સાચું હોઈ શકે નહીં. આ સુશોભનો કલાકારના ભાવાત્મક ઉદ્દેશને ધરી રાખતા હોય છેઃ તે કહે છેઃ "મને મારા સર્જનમાં આનંદ છે; તે સ-રસ છે." આનંદની બધી ભાષા સુંદરતા છે. જોકે એ નોંધવું જરૂરી છે કે આનંદ એ સુખ નથી, મોજ નથી, અને સુંદરતા તે કેવળ આકર્ષકતા નથી. આનંદ એ સ્વમાંથી મુક્ત થવાનું પ્રકટીકરણ છે અને તે પ્રાણતત્ત્વની સ્વતંત્રતામાં વિહરે છે. સૌંદર્ય યથાર્થની એવી ગહન અભિવ્યક્તિ છે કે જે પોતાનાં અંતિમ મૂલ્ય સિવાયની બીજી કશીય મોહકતા વિના આપણા હૃદયને સંતુષ્ટ કરે છે. પરમ આનંદની કેટલીક શુદ્ધ ક્ષણોમાં જ્યારે આપણે આપણી આસપાસના જગતમાં આ અનુભવીએ છીએ, ત્યારે આપણે જગતને માત્ર અસ્તિત્વ ધરાવતી વસ્તુ તરીકે જોતા નથી, પણ

તેને આકારો, અવાજો, રંગ-રેખાઓથી શણગારાયેલી વસ્તુ તરીકે જોઈએ છીએ. આપણને આપણા હૃદયમાં એવું મહેસૂસ થાય છે કે કોઈ 'એક' છે જે બધી વસ્તુઓ દ્વારા ઉદ્‌ઘોષ કરે છેઃ "મને મારા સર્જનમાં આનંદ છે."

તેથી તો સંસ્કૃત શ્લોકમાં આપણને ચિત્રનાં મૂળભૂત તત્ત્વો વિશે જણાવાયું છે કે સ્વરૂપોની કે આકારોની માત્ર બહુલતા નથી, અને તેમનાં પ્રમાણોની માત્ર એકતા નથી, પણ 'ભાવઃ' - ભાવાત્મક તત્ત્વ રહેલું છે.

એ કહેવું જરૂરી નથી કે ભાવની કેવળ અભિવ્યક્તિ પર, પછી ભલે તે ઉત્તમ અભિવ્યક્તિ હોય, કલાનો કોઈ માનદંડ આધાર રાખી શકે નહીં. નીચેનું કાવ્ય કવિ દ્વારા "An Earnest Suit to his unkind Mistress" એ રીતે વર્ણવવામાં આવ્યું છેઃ

*And wilt thou leave me thus?*
*Say nay, say nay, for shame!*
*To save thee from the blame*
*Of all my grief and grame.*
*And wilt thou leave me thus?*
*Say nay! Say nay!*

મને ખાતરી છે કે જો હું, કવિની અપીલની તીવ્રતા વિશે અથવા તેમણે કબૂલેલી તેમની જરૂરની સચ્ચાઈ વિશે શંકા ઉઠાવું તો તે દુભાશે નહીં. તે આ ઊર્મિકાવ્ય માટે જવાબદાર છે, પણ કોઈ ભાવ કે લાગણી માટે નહીં. કાવ્ય તો કથનની સામગ્રી માત્ર છે. આપણે જે પ્રમાણમાં બળતણ વાપરીએ તે પ્રમાણે અગ્નિ જુદા જુદા રંગો ધરશે, પણ આપણે બળતણની ચર્ચા નથી કરતા, કેવળ જ્વાળાઓની કરીએ છીએ. એક ઊર્મિકાવ્ય તેમાં વ્યક્ત થયેલી કોઈ લાગણી કરતાં ઘણું વધારે છે, જેમ એક ગુલાબ તેના ભૌતિક પદાર્થથી વધારે છે. મેં ઉપર ઉદ્ધૃત કર્યું છે તે કાવ્ય કરતાં જેમાં સંવેદનની તીવ્રતા વધારે સાચુકલી અને વધારે ઊંચી છે તેવું એક કાવ્ય લઈએઃ

*The sun,*
*Closing his benediction*